R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 36 DATE: 08-09-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## સુપ્રીમ કોર્ટના નવા ચીફ જસ્ટીસ તરીકે જસ્ટીસ રંજન ગોગોઇના નામની ચીફ જસ્ટીસે ભલામણ કરી

સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ જજ જસ્ટીસ રંજન ગોગોઇ ભારતના આગામી ચીફ જસ્ટીસ બનશે. સુપ્રીમ કોર્ટના વર્તમાન ચીફ જસ્ટીસ દીપક મિશ્રાએ જસ્ટીસ રંજન ગોગોઇના નામની ભલામણ કેન્દ્ર સરકારને મોકલી આપી છે.આ પરંપરા રહી છે કે નિવૃત થતાં પહેલાં ચીફ જસ્ટીસ ઓફ ઇન્ડીયા પોતાના ઉત્તરાધિકારીના નામનો પ્રસ્તાવ સરકારને મોકલી આપે છે.ચીફ જસ્ટીસ દિપક મિશ્રા ૨ ઓકટો.ના રોજ નિવૃત થઇ રહ્યા છે.અને એમના પછી સૌથી સિનિયર જજ રંજન ગોગોઇ છે.

આ પહેલાં કાનુન મંત્રાલયે જસ્ટીસ દિપક મિશ્રા પાસેથી આગામી ચીફ જસ્ટીસના નામની ભલામણ માંગી હતી.અહીયા એ



નોંધવું રહ્યું કે જસ્ટીસ રંજન ગોગોઇનું નામ સુપ્રીમ કોર્ટના એ ચાર જજજોમાં સામેલ છે જેમણે ચીફ જસ્ટીસ દિપક મિશ્રાના વિરુધ્ધ પ્રેસ કોન્ફરન્સ કરી હતી.ત્યારબાદ કાનુની ક્ષેત્રે ખળભળાટ મચી ગયો હતો. અને રાજનીતિ પણ ગરમાઇ હતી.

## નેશનલ કોન્ફરન્સ જમ્મુ-કાશ્મીરમાં પંચાયતની ચુંટણીઓનો બહિષ્કાર કરશે

જમ્મુ-કાશ્મીરમાં ઓકટો.-નવે.માં પંચાયત અને પાલિકાની ચુંટણીઓ યોજાનાર છે.જેને લઇને અત્યારથી જ રાજકીય ખટપટો શરુ થઇ ગઇ છે.નેશનલ કોન્ફરન્સ એ આ ચુંટણીઓનો બહિષ્કાર કરવાનો નિર્ણય કર્યો છે.અનો નેશનલ કોન્ફરન્સ એ પેટાકોલમ ૩૫-એનું કારણ આગળ ધર્યુ છે.નેશનલ કોન્ફરન્સના પ્રમુખ અને પુર્વ કેન્દ્રીય મંત્રી ફારુક અબદુલ્લાએ કહ્યુ કે કેન્દ્ર સરકાર પેટા કલમ ૩૫-એ પર પોતાનું વલણ સ્પષ્ટ કરવું જોઇએ.તેમણે વધુમાં કહ્યુ હતું કે જ્યાં સુધી કેન્દ્ર સરકાર આ પેટા કલમ અંગે પોતાનું વલણ સ્પષ્ટ નહીં કરે ત્યાં સુધી રાજ્યમાં શાંતિની કોશીસ આગળ વધી શકશે નહીં અનો અમે આ ચુંટણીમાં ભાગ લઇશું નહીં.

અહીં એ નોંધવું જરુરી છે પેટાકલમ ૩૫-એ મામલે સુપ્રીમ કોર્ટમાં હાલમાં સુનાવણી ચાલી રહી છે. કેન્દ્રની ભાજપ સરકાર તરફથી સુપ્રીમ કોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રાજ્યમાં હાલમાં પંચાયતની ચુંટણી યોજાનાર છે એટલા માટે આ સુનાવણીની તારીખ આગળ વધારવામાં આવે. ૩૫-એ મુદ્દે રાજ્યમાં સતત વિરોધ થઇ રહ્યો છે.જે સમયે સુપ્રીમ કોર્ટાં આ મુદ્દે સુનાવણી થઇ ત્યારે રાજ્યમાં બંધનું એલાન આપવામાં આવ્યું હતું. હજુ પંચાયતની ચુંટણીની તારીખ જાહેર થઇ નથી. પરંતુ ઓકટો-નવે.માં મતદાન થવાની શક્યતા છે. હાલ જમ્મુ-કાશ્મીરમાં રાજ્યપાલ શાસન છે.

જમ્મુ-કાશ્મીરમાં બંધારણની કલમ ૩૫-એનો વિવાદ અવારનવાર છેડાતો રહ્યો છે.હવે નેશનલ કોન્ફરન્સે આગામી પંચાયત ચુંટણીમાં આ મુદ્દાના મામલે રાજનીતી શરુ કરી છે.પંચાયતની ચુંટણીનો બહિષ્કાર કરવાની ઘોષણા કરીને ફારુકે કેન્દ્ર સરકરાની પર દબાણ લાવવાની કોશીશ કરી છે.એક દિવસ અગાઉ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોવાલના એક નિવેદન પછી આ મામલો રાજકીય ગરમાવો વધ્યો છે.કાશ્મીરમાં બંધારણની કલમ ૩૫-એ રાજ્યને ખાસ દરજ્જો આપે છે.જેના કારણે આ મુદ્દો હંમેશા ચર્ચામાં રહે છે.

આ પેટાકલમ જમ્મુ-કાશ્મીરને વિશેષઅધિકાર આપે છે.આ અંતગર્ત આપવામાં આવેલા અધિકાર સ્થાનિક નાગરિકો સાથે જોડાયેલો છે.એનો અર્થ એ છે કે આઝાદી સમયે દેશના અન્ય ભાગમાંથી આવેલા શરણાર્થી કે અન્ય ભારતીય નાગરિકોને જમ્મુ-કાશ્મીરમાં કોઇ પ્રકારની મદદ આપવી નહીં તે રાજ્ય સરકાર નક્કી કરી શકે છે.પેટા કલમ ૩૫-એ મુળ રીતે કલમ ૩૭૦નો ભાગ છે.આ કલમ અંતગર્ત દેશના અન્ય રાજ્યના કોઇપણ નાગરિક જમ્મુ-કાશ્મીરમાં સંપત્તિ ખરીદી શકે નહીં.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ફ્રાંન્સ ૨૪ અખબારે રફાલ ડીલ બાબતે વાંધા નોધાવતાં વિવાદનો મધપુડો છેડ્યો

ફ્રાંસના મીડીયાએ ભ ારતમાં ચાલી રહેલા રફાલ કૌભાંડ વિવાદની સરખામણી ૧૯૮૦ના દાયકામાં બોફોર્સ કોભાંડથી કરીને એક નવો સવાલ ઉબો કર્યો છે.તેમાં જણાવાયું છે કે ૨૦૦૭માં શરુ થયેલી ડીલમાંતી ૨૦૧૫માં હિન્દુસ્તાન એરોનોટિક્સ લીમીટેડને બહાર કાઢીને ખાનગી ક્ષેત્રની રિલાયન્સ ડિફેન્સને સામેલ કરાયું તે નવાઇ ઉપજાવે તેમ છે.દેશના મુખ્ય અખબાર ફ્રાંન્સ ૨૪માં લખાયું છે કે રફાલ ડીલની શરુઆત ૨૦૦૭માં ભારતીય સંરક્ષણ મંત્રાલયે ટેન્ડર જારી કરીને કરી હતી.જેમાં ૧૨૬ જેટલા મલ્ટી રોલ લડાકુ વિમાન ખરીદવાની પહેલ કરાઇ હતી.તે વખતે દેશમાં ઉપયોગમાં લેવામાં આવી રહેલા રશિયન વિમાન જુના થઇ ગયા હતા અને તેઓ સંરક્ષણને લગતા પડકારોનો સામનો કરવા સક્ષમ નહોતા.

પાંચ વર્ષ ચાલેલી વાતચીત બાદ મનમોહનસિંહના નેતૃત્વ ધરાવતી કોગ્રેસની સરકારે એલાન કર્યુ કે ફ્રાંસીસી કંપની દસોલ્ટની સંરક્ષણ મંત્રાલયના ટેન્ડરીંગમાં વિજય થયો છે. દસોલ્ટ રફાલ બનાવે છે અને ૨૦૧૨ના આ સમજુતી મુજબ સંરક્ષણ મંત્રાલયમાં તરત તૈનાત કરવા માટે રફાલના૧૮ લડાકુ વિમાનોની ખરીદી ફ્રાંસીસી કંપની પાસેથી કરશે. બાકીના ૧૦૮ લડાકુ વિમાનોની એસેમ્બલી દસોલ્ટ ભારત સરકારની કંપની હિંદુસ્તાન એરોનોટિક્સ લી. સાથે મળીને ભારતમાં કામ કરશે.

ફ્રાંસ ૨૪ અખબારના રિપોર્ટ મુજબ આ ડીલ વખતે ભારતનું માનવું હતું કે આ ડીલથી ભારત સરકારની એરોસ્પેસ અને ડિફેન્સ કંપની એચએએલની આધુનિક ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે અને તે દેશ માટે લડાકુ વિમાન બનાવવા માટે તૈયાર થઇ જશે.ફ્રાંન્સ ૨૪ પોતાના રિપોર્ટમાં કહે છે કે નરેન્દ્ર મોદીની સરકાર સત્તા પર આવી તે પછી ડીલમાં એક મહત્વનો ફેરફાર તમામને આશ્ચર્યચકિત કરનાર હતો.ભારતમાં એચએએલ પાસે સંરક્ષણ ક્ષેત્રમાં મેન્યુફેક્ચરીંગનો ૭૮ વર્ષનો અનુભવ હતો અને તે આ ઓફસેટ ક્લોઝમાં એકમાત્ર કંપની હતી કે જેની તરફેણમાં નિર્ણય લેવાયો હતો.

હવે ૭૪ વર્ષના અનુભવી એચએએલને બહાર કાઢીને અનુભવ વગરના રિલાયન્સની કંપનીની તરફેણ કરવામાં આવી જે શંકાના દાયરામાં આવે છે.રિલાયન્સ કંપનીને કોઇપણ પ્રકારનો અનુભવ નથી અને તે નવી લોન્ચ કરવામાં આવેલી કંપની છે.રફાલ ડીલમાં અનિલ અંબાણી જુથને ફાયદો પહોચાડવાના આરોપ મુકતાં કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ સતત પ્રહારો કર્યો હતા.અને સરકાર બચાવની તમામ કોશીશો કરી રહી છે.

## દેશની ૧.૫૫ લાખ પોસ્ટઓફિસો હવે સત્તાવાર બેન્ક બનશે

વડાપ્રધાન મોદીએ ઇન્ડીયા પોસ્ટ પેમેન્ટ બેન્કનો પ્રારંભ કરાવ્યો હતો.ભારતીય ટપાલવિભાની પેમેન્ટ બેન્ક હવે વિભાગની ટપાલકચેરીઓ અને ૩ લાખ ટપાલીઓ તથા ગ્રામીણ ડાકસેવાકોની મદદથી દરેક નાગરિકને ઘેરબેઠા બેન્કીંગ સેવાઓ ઉપલબ્ધ થશે. ઇન્ડીયા પોસ્ટ પેમેન્ટ્સ બેન્ક અન્ય બેન્કોની જેમજ પરંતુ નાના પાયે બેન્કીંગ કામગીરી કરશે.ટપાલ વિભાગની બેન્ક થાપણો તો સ્વીકારી શકશે પરંતુ લોન અથા તો ક્રેડિટ કાર્ડ આપી શકશે નહીં.આ બેન્ક રુપીયા એક લાખ સુધીની ડીપોઝીટ સ્વીકારશે.તે ચુકવણી, મોબાઇલ પેમેન્ટ, ટ્રાન્સફર, પરચેઝ અને એટીએમ/ ડેબિટકાર્ડ,નેટબેન્કીંગ અને થર્ડ પાર્ટી ફંડ ટ્રાન્સફર જેવી અન્ય બેન્કીંગ સેવાઓ પણ આપશે.

આ પ્રસંગે સંદેશાવ્યવહાર મંત્રી મનોજ સિંહાએ કહ્યુ હતું કે શરુઆતમાં દેશમાં ૬૫૦શાખાઓ અને ૩૨૫૦ ટપાલ કચેરીઓ ખાતે આ બેન્કની કામગીરી શરુ કરાશે. ડિસે.૨૦૧૮ના અંત સુધીમાં દેશની ૧.૫૫લાખ ટપાલ કચેરીઓ ખાતે આ બેન્કની સુવિધા શરુ કરી દેવાશે.જે ખાતામાં રુપીયા એક લાખથી વધુની રકમ જમા હશે તે આપોઆપ પોસ્ટ ઓફીસ સેવિંગ્સ એકાઉન્ટમાં ફેરવાઇ જશે.આ બેન્ક સંપુર્ણપણે સરકારની માલીકીની રહેશે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ભારત દેશનું અર્થતંત્ર ખાડે ગયું તેમ દેખાય રહ્યું છે. અચ્છે દિનના વાયદા સાથે સત્તા ઝુંટવી ગાદી નશીન થયેલાઓને દેશના અર્થતંત્રનું જ્ઞાન નથી એવુ લાગી રહ્યું છે.જુના આયોજન પંચને વિખેરીને તેને સ્થાને નિમાયેલા નીતિ આયોગના વિચારો પ્રમાણે પેટ્રોલ -ડીઝલનો ભાવ વધારો ચિંતા કરવા જેવો નથી.નીતિ આયોગના ઉપાધ્યક્ષ રાજીવ કુમારે એવું ફરમાવ્યું કે ક્રુડના ભાવોમાં વધઘટ થયા કરે તેથી તેની ચિંતા કરવા જેવી નહી.તેથી સરકારે કોઇ પ્રત્યાઘાતી કાર્યવાહી કરવાની જરુર નથી.મોદી સરકારે છેલ્લા ચાર વર્ષમાં લીધેલા પગલાં આવી થીક ટેન્કને આભારી હોય તો દેશના વિદ્વાનો અને મતદારો હવે ઝડપથી વિચારવાનો સમય પાકી ગયો છે.એવી વિચારધારા દેશના ગરીબો,મધ્યમવર્ગીઓને ગળું ટુપવા માત્રનો જ વિકલ્પ છે. દેશના નાના અને મધ્યમવર્ગીઓએ જે ખોબલે ખોબલે મત આપીને આ સત્તાનશીનોને ગાદી આપેલી તેમણે તેમની દરકાર કરી નથી.મોંઘવારીનો આંક એ હદે વધી ગયો છે કે લોકોએ આત્મહત્યાઓ કરવી પડે છે.કોગ્રેસને જો આ લોકો ગાળો દેતા હોય તો તેમણે આંકડાઓ તરફ નજર કરવી જોઇએ.૨૦૧૪ પછીના શાશનમાં દેશના જેટલા લોકો આત્મહત્યા કરવા પ્રેરાયા છે તે સરકારની નીતિઓ અને તેના કારણે ઉભી થયેલી પરિસ્થિતિના કારણે છે કે કેમ તે તપાસવું જોઇએ. ખેડુતોએ કરેલી આત્મહત્યાઓ અને ખેડુતો,ખેતમજુરો, અને મજુરોની સ્થિતિનું મુલ્યાંકન કરવું જરુરી છે.દેશના કાયદાઓ માત્ર અમીરોની તરફેણમાં કરી દેવાની જે રીત રસમો અપનાવાઇ છે તેના ઉપર તો આ સરકારને માટે તાજેતરમાં દિલ્હી ખાતે જે રેલીઓ યોજાઇ તેમાં લોકોનો આક્રોસ વ્યક્ત થયો છે.

રુપીયો તકલાદી બનતો ગયો છે. વિદેશી હુંડિયામણમાં ડોલરની સામે રુપીયો નબળો પડ્યો છે. ૧ ડોલર બરાબર ૭૧.૭૩ રુપીયા થયો છે. જે સુચવે છે કે અર્થતંત્રમાં જે કાંઇ તકલીફો ઉભી થઇ છે તેની જવાબદારી સરકાર ચલાવનારાઓની છે.જ્યારે સરકારમાં બેઠેલાઓ તે જવાબદારી અન્ય બાબતો પર ઢોળવાની મથામણ કરી રહ્યા છે.

મોદી સરકાર રોજગારી,ખેતીથી લઈને તમામ મુદ્દે નિષ્ફળ ગઇ છે તેવો આક્ષેપ ભુતપુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે તાજેતરમાં કર્યો હતો.તેમણે મોદી સરકાર પર આકરા પ્રહારો કરતાં કહ્યુ હતું કે મોદી સરકાર ધીમે ધીમે લોકતાંત્રિક મુલ્યોને પણ ખતમ કરી રહી છે.જેની ખરેખર રક્ષા કરવી જોઇએ એ કોઇપણ લોકતાત્રિક પાર્ટીની જવાબદારી છે.આજે મહિલાઓ,દલિતો અને લઘુમતીઓમાં અસુરક્ષાનો માહોલ પેદા થયો છે.જેથી આ બધી જવાબદેહી જેની બને છે તેમણે દેશની જનતાને જવાબ આપવાનો છે.મોદી સરકારે પ્રજાને આપેલા વચનો પુરા કરવામાં નિષ્ફળ ગઇ છે.કૃષિ સંકટનો ઉકેલ લાવી શકી નથી.ચારેબાજુ કૌભાંડો જ કૌભાંડો ઉઘડી રહ્યા છે.ભ્રષ્ટાચાર મુક્ત ભારત બનાવવાની વાત કોરાણે મુકાઇ ગઇ છે દેશ આખો ભ્રષ્ટાચારમાં ખરડાઇ ચુક્યો છે.સરકાર સ્વચ્છતાનો દાવો કરવા માટે જાત જાતના દાવ ખેલી રહી છે એ માટે તેના થીક ટેન્ક અને કાયદાવિદો પોતાની ટેકનીકોનો ઉપયોગ કરી રહ્યા છે પરંતુ પ્રજાના માનસમાં આ બધું ઉતરી શકશે કે કેમ તે વિચારવાનું રહ્યું.રાહુલ ગાંધીએ યાત્રા દરમિયાન માંસાહાર કર્યો હતો તેવા પ્રચારથી ચુંટણીઓ જીતી જવાની જે ચાલ ચાલીને લોકોને બેવકુફ બનાવવાનો પ્રયત્ન ક્યાં સુધી ચાલશે?

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# અખબારી સ્વાતંત્રતા ઝુંટવવાના અમેરિકી પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની જોહુકમી સામે ૩૦૦ અખબારોએ એક સાથે એક વિષય પર તંત્રી લેખ લખ્યો

પત્રકારિત્વના ઈતિહાસમાં અમેરિકામાં એક જબરજસ્ત ઘટના તાજેતરમાં બની છે.અમેરિકાના ૩૦૦ જેટલા અખબારોએ એકસાથે એક દિવસે પોતાના તંત્રીલેખ એક જ વિષય પર લખ્યો. અને આ વિષય હતો પ્રેસની સ્વતંત્રતાનો.અમેરિકામાં જ્યારથી પ્રેસડેન્ટ તરીકે ટ્રમ્પનું શાસન શરુ થયું છે ત્યારથી સરકાર અને અખબારો વચ્ચે સતત ઘર્ષણ ચાલી રહ્યું છે.અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પની પ્રકૃતિ ભુતકાળના અમેરિકાના પ્રેસિડેન્ટ કરતાં તદ્દન વિપરિત છે. મીડીયાને પ્રેસિડેન્ટ ટ્રમ્પ બોગસ કહે છે.તો કહે છે કે બોગસ મીડીયાવાળાઓએ મને વ્હાઇટ હાઉસમાં જવા માટે રોકવાની કોશીશ કરી હતી.પરંતુ હું પ્રેસિડેન્ટ છું. એ લોકો નથી.અમેરિકાના ન્યુયોર્ક ટાઇમ્સથી માંડીને ધ બોસ્ટન ગ્લોબ સુધીના અખબારો કે સીએનએન જેવી ન્યુઝ ચેનલો સાથે પ્રેસિડેન્ટ ટ્રમ્પને બનતું નથી.મીડીયા માટે ટ્રમ્પ અનાપ શનાપ બોલે છે.અને અખબારનું લાયસંસ રદ કરવા સુધીની ધમકીઓ આપે છે. પત્રકાર સાથે ટ્રમ્પ એવી રીતે વર્તે છે કે તેમના ગુલામ હોય.

૨૦૧૫માં ટ્રમ્પના ચુંટણી પ્રચાર દરમિયાનનો એક વીડીયો ખુબ વાઇરલ થયો છે. આ વીડીયોમાં પ્રેસિડેન્ટ પદના ઉમેદવાર ટ્રમ્પ પ્રેસ કોન્ફરન્સ સંબોધી રહ્યા છે.ત્યારે સ્પેનીશ ભાષાની ચેનલ યુનીવીઝનના એક પત્રકાર હોરંગે ટ્રમ્પને પ્રશ્ન પુછવાની શરુઆત કરે છે.પરંતુ ટ્રમ્પ તેને ભાવ આપતાં નથી.અને બીજા લોકોને પ્રશ્ન પુછવાનું કહે છે. પરંતુ હોરંગે પણ જુદીજ માટીનો પત્રકાર છે. તે ટ્રમ્પનો પીછો છોડતો નથી. અને પુછે છે કે મારે તમને તમારી ઈમીગ્રેશન પોલીસી માટેનો સવાલ પુછવો છે. તમે ૧.૧૦ કરોડ લોકોને દેશની બહાર ના કાઢી શકો. ટ્રમ્પ આ તબક્કે અકળાઇ છે અને કહે છે કે બેસીજા તને અહીયાં બોલાવ્યો નથી બેસીજા... પરંતુ પત્રકાર તો પત્રકાર હોય છે તે ગભરાતો નથી.હોરંગે હજુ પણ મોટેથી બોલીને કહે છે કે તમે સરહદ પર ૩ હજાર કી.મી.ની લાંબી દિવાલ ના બનાવી શકો. ટ્રમ્પે હવે તેના સિક્યોરીટીને ઈશારો કરે છે અને સિક્યુરીટી પત્રકાર હોરંગને ધક્કામારીને પ્રેસ કોન્ફરન્સની બહાર કાઢી મુકે છે.

ટ્રમ્પનો આ ચુંટાયા પહેલાનો મિજાજ હતો હવે તો એ પ્રેસિડેન્ટ છે અને તેની પાસે અમર્યાદીત સત્તા છે.દુનિયાને ખતમ કરી નાંખવાના ન્યુક્લિયર પાવરના બટનો અત્યારે તેમની પાસે છે.અને ટ્રમ્પ હજુ પણ નરમ પડે તેમ નથી.ચુંટણી સમયે ટ્રમ્પે બે પોનસ્ટારોને ચુપ રહેવા માટે તેમના વકીલ કોહેને દ્વારા રુપીયા અપાયા હોવાનો ઘટસ્ફોટ થયા બાદ પણ પ્રેસિડેન્ટ ટ્રમ્પ ધમકીની જ ભાષા બોલે છે. અને કહે છે કે ઈમ્પીચમેન્ટ દ્વારા મારી પાસેથી જો સત્તા છીનવી લેવામાં આવશે તો અમેરિકાનું અર્થતંત્ર તુટી પડશે. પોનસ્ટારોને આપેલા પૈસા એ મારા અંગત પૈસા હતા. ચુંટણી ભંડોળના પૈસા ન હતા.સવાલ હવે પ્રેસની સ્વતંત્રતાનો છે. અમેરિકામાં પ્રેસિડેન્ટ ટ્રમ્પ ઇચ્છે તેજ અખબારોએ છાપવું કે પછી જે સાચું હોય તે છાપવું તે અંગે ચર્ચાઓ શરુ થઇ છે.ટ્રમ્પના વિરોધમાં જ્યારે અમેરિકાના નાના મોટા ૩૦૦ અખબારોએ પ્રેસની સ્વતંત્રતા માટે એક દિવસ એક સાથે એક જેવા તંત્રી લેખો લખ્યા ત્યારે દુનિયાને ખ્યાલ આવ્યો કે અમેરિકા જેવા લોકશાહીના સમર્થક દેશમાં અખબારોની હાલત સરકારે કેવી કરી નાંખી છે. અમેરિકાના અગ્રણી અખબાર ન્યુયોર્ક ટાઇમ્સે તો તેના તંત્રી લેખમાં લખ્યું કે એક અમેરિકાના રાષ્ટપતિ હતા થોમસ જેફરસન. તેઓ કહેતા જો મારી પાસે બે વિકલ્પ મુકવામાં આવે કે જેમાં સરકાર હોય પરંતુ અખબાર ના હોય અને બીજા વિકલ્પમાં અખબાર હોય પરંતુ સરકારના હોય તો હુંએક સેકન્ડમાં બીજો વિકલ્પ પસંદ કરું.આજે પરિસ્થિતિ બદલાઇ ગઇ છે.૨૦૧૮માં સરકારી અધિકારીઓ દ્વારા પ્રેસ પર હુમલા કરવામાં આવ્યા. સરકારને જે સત્ય પસંગ નથી તને તે લોકો ફેક ન્યુઝ કહે છે.જે લોકશાહી માટે ખતરનાક છે. પત્રકારોને જનતાના દુશ્મન કહેવા તે તેનાથી વધુ ખતરનાક છે.

ન્યુયોર્ક ટાઇમ્સ જેવું અખબાર જ્યારે આવી વાત લખતું હોય ત્યારે ખબર પડે કે અમેરિકામાં પ્રેસની શું હાલત હશે ?પ્રેસિડેન્ટ ટ્રમ્પ વિરુધ્ધ દેશના ૩૦૦ અખબારોની આગેવાની લેનાર અમેરિકાના ૧૪૭ વર્ષ જુના અખબાર ધ બોસ્ટલ ગ્લોબ લખે છે ખે પ્રેસિડેન્ટ ટ્રમ્પની રાજનીતિનું મુખ્યકેન્દ્ર છે આઝાદ પ્રેસ પર સતત હુમલો કરવો . પત્રકારોને અમેરિકાના નાગરિક નહીં પરંતુ લોકોના દુશ્મન તરીકે સરકાર ચીતરી રહી છે. આજે અમેરિકામાં અમારી પાસે એવા પ્રેસિડેન્ટ છે જેમને એવી વિચારધારા તૈયાર કરી છે કે મીડીયાનો જે ભાગ સરકારની નીતીઓને સપોર્ટ નથી કરતું તે જનતાનો દુશ્મન છે. પત્રકારએ હંમેશા બે ધારી તલવાર પર ચાલવાનું હોય છે.પત્રકાર જો સરકારના વખાણ કરે તો તેને સરકારના ચમચા તરીકે ચિતરવામાં આવતો હોય છે અને પત્રકાર જો સરકારની ટીકા કરે તો તેના પર સરકાર ખફા થઇ જાય છે અને ચારે તરફથી ભીંસમાં મુકવામાં આવતો હોય છે.પત્રકારનું કામ તો સમાજ અને સરકારને અરીસો બતાવવાનું છે અરીસામાં તમે જેવા હોવ તેવા દેખાવો છો. તેમાં ક્યારેય અરીસાનો વાંક કાઢી શકાય નહીં.પરંતુ શાસકોને જ્યારે પોતાની છબી લોકો સમક્ષ ખરાબ દેખાતી હોય થે ત્યારે વાંક અરીસાનો કાઢતા હોય છે.મીડીયાની ઘણી બધી ખામીઓ હશે પરંતુ એક હકીકત છે કે લોકશાહી માટે મીડીયા અનિવાર્ય છે. કારણ કે સમાજ નેતાઓ પર આંખો બંધ રાખીને ભરોસો ના કરી શકે.

પત્રકારને જ્યારે સમાજના ચોથા સ્તંભ તરીકે ઓળખવામાં આવે છે ત્યારે આ ચોથા સ્તંભની કાળજી લેવી તે પણ સમાજની ફરજ થઇ પડે છે.અમેરિકામાં અત્યારે પત્રકારિત્વ પર જે સંકટ દેખાય છે તેવુ સંકટ દુનિયામાં ચારે તરફ ફેલાયેલું છે. તાનાશાહ સરકારો નિર્ભિક,નીડર આખાબોલા પત્રકારને સહન કરી શકતી નથી.શાસ્ત્રમાં કહેવાયું છે કે સત્યમ બ્રુયાત, પ્રિયમ બ્રુયાત એટલે સાચું બોલો પણ પ્રિય બોલો. પરંતુ પત્રકારત્વના ક્ષેત્રમાં આ વાત શકય નથી. સાચી વાત હંમેશા શાસકોને કડવી લાગતી હોય છે.સાચી વાત પર પત્રકારો ગમે તેટલા મીઠાસના આવરણ ચઢાવી લખે તો પણ શાસકોને પસંદ આવતી નથી. એટલે આ તબક્કે પત્રકાર માટેમાત્ર એક ઓપ્શન ખુલ્લો રહે છે કે શાસકોને પસંદ આવે તેવી વાત લખો.આ ઓપ્શનમાં પછી સત્ય ગુંગળાઇ જતું હોય છે ત્યારે પત્રકારોથી સહન નથી થતી ત્યારે તેની કલમમાંથી આગ ઝરે છે અને આ આગ ક્યારે વિદ્રોહ બનીને જનમાનસ પર છવાઇ જતી હોય છે.તેની ખબર નથી શાસકોને પડતી કે નથી પત્રકારોને પડતી.પરંતુ આ વિદ્રોહની સુનામીમાં સરકારો તણાઇ જતી હોવાનો ઈતિહાસ આલેખાયેલો છે. અમેરિકામાં આવનારા દિવસો પ્રેસિડેન્ટ ટ્રમ્પ પર જોખમ તોળાયેલું છે અને એટલે જ પ્રેસિડેન્ટ ટ્રમ્પ ધમકીના ભાષા બોલવા માંડ્યા છે કે મારી સરકારને પાડશો તે અમેરિકા બરબાદ થઈ જશે.જો કે હવે આવનારો સમય જ કહેશે કે કોણ આબાદ થશે ?અને કોમ બરબાદ થશે ?

અમેરિકાની મહાનતા એ વાત પર નિર્ભર છે કે મુક્ત પ્રેસ સત્તાની સામે નિર્ભયતાથી સાચી વાત રજુ કરે . મીડીયા પર જનતાનું દુશ્મન હોવાનું લેબલ ચોંટાડવાની અમેરીકાની પરંપરા નથી.૨૦૦ વર્ષથી જે નાગરિકતાની સમજ આપણે વિકસિત કરી છે તેમાં આવું ફરમાન ખતરારુપ છે.

- ધ બોસ્ટન ગ્લોબ
( સાભાર સંદેશ)

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હત્યાના કાવતરાના ભાગરુપે ડાબેરી એક્ટીવિસ્ટોની પાંચ રાજ્યોમાંથી ધરપકડ

મહારાષ્ટ્રના ભીમા કોરેગાંવ ખાતે એલગાર પરિષદ દ્વારા આયોજિત ઈવેન્ટમાં કથિત માઓવાદી સંડોવણીના સંદર્ભમાં પુણે પોલીસે માઓવાદી વિચારધારા સાથે સંકળાયેલા એક્ટિવિસ્ટો પર દેશવ્યાપી દરોડા પાડી પાંચ જાણીતા એક્ટીવિસ્ટોની ધરપકડ કરી હતી.તેમના પર આરોપ મુકવામાં આવ્યો હતો કે તેઓ કથિત રીતે વડાપ્રધાન મોદીની હત્યા કરવાના કાવતરાંમાં સામેલ હોવાની શંકા છે.પોલીસે દાવો કર્યો હતો કે ધરપકડ કરાયેલા કેટલાક લોકો પાસેથી એક પત્ર મળ્યો છે જેમાં નકસલવાદીઓ વડાપ્રધાન મોદીની પુર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની જેમ હત્યાનુંકાવતરુ ઘડી રહ્યા છે.૧૮ એપ્રીલે રોના જેકબ દ્વારા કોમરેડ પ્રકાશને લખાયેલા આ પત્રમાં જણાવવામાં આવ્યુ છે કે ભારતમાં પ્રસરી રહેલા હિંદુ ફાસીવાદને પરાજિત કરવો જરુરી બની ગયો છે.મોદીના નેતૃત્વમાં હિંદુ ફાસીવાદીઓ ઝડપથી આગળ વધી રહ્યા છે. તેમને રોકવા જરુરી છે.મોદીના નેતૃત્વમાં ભાજપે બિહાર અને બંગાળને બાદ કરતાં ૧૫ થી વધુ રાજ્યોમાં સત્તા પ્રાપ્ત કરી લીધી છે.જો ભાજપ આ રીતે જ આગળ વધતો રહેશે તો માઓવાદી પાર્ટીને જોખમ છે.તેથી અમે વિચારી રહ્યા છીએ કે રાજીવ ગાંધી હત્યાકાંડનું પુનરાવર્તન થાય. આ એક સુસાઈડ એટેક હશે.આપણી પાસે તક છે. મોદીના રોડ શોને ટાર્ગેટ કરવા માટે સારી યોજના બનાવી શકાય

અગ્રણી વિચારકોએ જણાવ્યુ હતું કે માનવ અધિકાર કાર્યકરો પર પોલીસ દરોડા દર્શાવે છે કે દેશમાં અઘોષિત કટોકટી લાગુ થઈ છે.અરુંધતી રોયે જણાવ્યુ હતુતં કે ખોટા આરોપસર વકીલો,કવિ,લેખકો,એક્ટિવિસ્ટો અને વિદ્વાનોની ધરપકડ થઈ રહી છે.પ્રશાંત ભુષણે જણાવ્યુ હતું કે સરકાર નિર્દોષો પર ત્રાટકી રહી છે.ફાસીવાદીઓ હવે ખુલ્લેઆમ બહાર આવી ગયા છે.આ કટોકટીની સ્પષ્ટ જાહેરાત છે. ઈતિહાસકાર રામચંદ્ર ગુહાએ સુપ્રીમના હસ્તક્ષેપની માંગણી કરી છે.અત્યાર સુધીમાં મોદીની હત્યાના કાવતરામાં દસ એક્ટીવિસ્ટોની ધરપકડ થઈ છે.

પોલીસે કોરેગાવ ભીમા કેસની તપાસમાં જુન મહિનામાં પાચ એક્ટીવિસ્ટની ધરપકડ કરી હતી પોલીસે ૬ જુનના રોજ રિપબ્લિકન પેન્થર્સ ઓફ જાતિ અંતાયી ચલવાલના સુધીર ધાવલે, કમિટી ઓફ રીલીઝ ઓફ પોલીટીકલ પ્રિઝનર્સના રોના વિલ્સન, ઈન્ડીયન એસોસીએશન ઓફ પીપલ્સ લોયર્સના વકીલ સુરેન્દ્ર ગાડગીલ, નાગપુર યુનીવરસીટીના પ્રોફેસર શોમા સેન, અને ભુતકાળમાં મોદી સાથે સંકળાયેલા મહેશ રાઉતની ધરપકડ કરી હતી.પોલીસે દાવો કર્યો હતો કે આ શહેરી નકસલવાદીઓ પૈકીના કેટલાક પીએમ મોદીની હત્યા કરવાની યોજનાની કબુલાત કરી છે.

# તીનમુર્તિ ભવનમાં નહેરુના વારસામાં છેડછાડ કરીને મ્યુઝિયમ બનાવવાની સરકારની પેરવી સામે ભુતપુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે ચેતવણી ઉચ્ચારી

ભારતના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુની યાદો સાથે જોડાયેલા નહેરુ મેમોરિયલ મ્યુઝિયમ એન્ડ લાયબ્રેરી અને તીનમુર્તિ ભવન સાથે ચેડાને લઈને પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે નારાજગી વ્યક્ત કરી છે.આ મામલે મનમોહનસિંહે એક પત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બ્યો છે અને કહ્યુ છે કે નહેરુ ફક્ત કોગ્રેસના જ નહીં પરતું સમગ્ર રાષ્ટ્રના છે, એટલા માટે તીન મુર્તિ કોમ્પલેક્ષમાં કોઈ ચેડાં થવા જોઈએ નહીં.

મીડીયા અહેવાલ અનુસાર, પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે પોતના પત્રમાં લખ્યું છે કે અટલ બિહારી બાજપાઈનો પ્રધાનમંત્રી કાર્યકાળ ૬ વર્ષનો હતો.પરંતુ એમના સમયકાળ દરમિયાન નહેરુ મેમોરીયલ મ્યુઝિયમ અનો લાયબ્રેરીના સ્વરુપમાં કોઈ બદલાવ કરાયો ન હતો.પરંતુ હવે દુઃખદ થાય છે અને એવી પ્રતિતી થાય છે કે ચેડા કરવા માટે ભારત સરકારનો એજન્ડાનો ભાગ છે.

મનમોહનસિંહે એ સમયે પત્ર લખ્યો છે કે જ્યારે મીડીયા રિપોર્ટ અનુસાર ભારત સરકાર તીનમુર્તિ કોમ્પલેક્ષ સ્થિત નહેરુ મેમોરીયલ મ્યુઝીયમ અને લાયબ્રેરીના સ્વરુપમાં ફેરફાર કરી તમામ પ્રધાનમંત્રીના મ્યુઝીયમ બનાવવાની યોજના ઘડી રહી છે.કોગ્રેસનું કહેવું છે કે સરકારનું આ પગલું નહેરુના વારસાને ખતમ કરવાના પ્રયાસ સમાન છે.કોઈપણ પ્રકારનો ફેરફાર ક્યારેય પણ નહેરુની ભુમિકા અને યોગદાન છુપાવી શકશે નહીં.મનમોહનસિંહે પત્રમાં અટલ બિહારી બાજપાઈએ સાંસદમાં નહેરુના અવસાન પર આપેલા ભાષણોનો ઉલ્લેખ કરતાં કહ્યુ કે "ઈસ તરહ કે નિવાસી ફિર કભી તીનમુર્તિ કી શોભા નહીં બઢા શકતે હે.વહ જીવંત વ્યક્તિત્વ,વિપક્ષ કો ભી સાથ લેને કા દષ્ટિકોણ,સજજનતા ઔર વહ મહાનતા જો નિકટ ભવિષ્યમે ફિરસે નહીં દેખ સકતે હે.વિચારોમે અંતર કે બાવજુદ હમારે પાસ ઉનકે મહાન આદર્શો,ઉનકી ઈમાનદારી દેશકે લિયે ઉનકે પ્યાર ઔર ઉનકે અતુલનીય સાહસ કે પ્રતિ સન્માન હે"મનમોહનસિંહે લખ્યું કે આપણે આ ભાવના(અટલજીની ભાવનાનું સન્માન કરીએ.અનો તીનમુર્તિ ભવનને આપણા પ્રથમ વડાપ્રધાન નહેરુના સ્મારકના રુપમાં



અકબંધ રહેવા દેવું જોઈએ. વિનંતી કરુ છું કે તીનમુર્તિ પરિસરમાં ફેરફાર કરશો નહીં. આ રીતે આપણે ઈતિહાસ અને વારસા બેઉનું સન્માન કરીશે.

વર્લ્ડ ચેમ્પીયન ચેસ પ્લેયર ગેરી કાસ્પારોવ સૌથી નાની ઉંમરે વર્લ્ડ ચેમ્પીયન બનવાની સિધ્ધિને વરેલા છે.

# છુટાછેડાની અરજી પેન્ડીંગ હોય તો પણ બીજા લગ્ન માન્ય ગણાશેઃ સુપ્રીમ કોર્ટ



હિન્દુ મેરેજ એકટ અંતગર્ત છુટાછેડાની અરજી દાખલ કરાયેલી હોય અને તેનો ચુકાદો આવ્યો ન હોય એ દરમિયાન મહિલા કે પુરુષમાંથી કોઈપણ માટે બીજા લગ્ન કરવા અંગે અત્યાર સુધીમાં પ્રતિબંધ હતો.પરંતુ હવે સુપ્રીમ કોર્ટે પોતાના નવા નિર્ણયમાં કહ્યુ છે કે છુટાછેડાની અરજી પેન્ડીંગ હોય અને બંને પક્ષોમાં આ અંગે સર્વસંમતિ હોય તો બીજા લગ્ન માન્ય ગણાશે.

હિન્દુ મરેજ એકટની કલમ ૧૫ની વ્યાખ્યા કરતાં જસ્ટીસ એસ.એ.બોખડે અનો જસ્ટીસ એલ.નાગરેશ્વરરાવની બેન્ચે કહયુ હતું કે છુટાછેડાની અરજી પેન્ડીંગ હોય એ દરમિયાન બીજા લગ્ન અંગે પ્રતિબંધની જોગવાઈ ત્યાં સુધી લાગુ થઈ શકે નહીં. જ્યાં પક્ષકારોએ સમાધાનના આધારે કેસ આગળ ન ચલાવવાનો નિર્ણય કર્યો હોય.હાલમાં એક કેસમાં છુટાછેડાની અરજી વિરુધ્ધ અપીલ પેન્ડીંગ હોવા દરમિયાન પતિએ પ્રથમ પત્ની સાથે સમાધાન કરી લીધું અને કેસ પરત લેવાની અરજી કરી હતી. એ દરમિયાન જ તેણે બીજા લગ્ન કરી લીધા હતા. હાઈકોર્ટે આ લગ્ન અમાન્ય ગણ્યા હતા.પણ સુપ્રીમે પતિની અરજી સ્વીકારી હતી અને હાઈકોર્ટનો આદેશ નકારી કાઢ્યો હતો.


જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

કાર ભાડે મળશે





લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે





મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭
લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે





ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પુયટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# ગુનેગારોને ચુંટણી લડતા રોકવા સુપ્રીમ કોર્ટની ઇચ્છાને સરકારે ફગાવી દીધી



સુપ્રીમ કોર્ટે ગુનેગારોને ચુંટણી લડવા ન દેવા માટે સરકારને પોતાની ઈચ્છા પ્રગટ કરી હતી પરંતુ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યુ હતું કે તમારો ઈરાદો ઉમદા છે પરંતુ દોષિત સાબિત થયા પહેલાં ક્રિમિનલ કેસોનો સામનો કરી રહેલા વ્યક્તિઓને ચુંટણી લડતા અટકાવવા અથવા રાજકીય પાર્ટીઓને આ પ્રકારના વ્યક્તિને ચુંટણીના મેદાનમાં નહીં ઉતારવાો આદેશ અદાલત આપી શકે નહીં.એટર્ની જનરલ વેણુ ગોપાલે સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચ સમક્ષ રજુઆત કરી હતી કે ક્યારે અને કેવી રીતે વ્યક્તિને ચુંટણી લડતી અટકાવી શકાય તે માટેની કાયદાકીય જોગવાઈઓ અમલમાં છે તેથી અદાલત નવા આદેશ આપી શકે નહીં.

ચીફ જસ્ટીસ દિપક મિશ્રાના નેતૃત્વ હેઠળની બંધારણીય બેન્ચે હત્યા,બળાત્કાર, ભ્રષ્ટાચાર જેવા ગંભીર આરોપોનો સામનો કરી રહેલા ઉમેદવારોને ચુંટણી મેદાનમાં ઉતારવા સામે રાજકીય પક્ષોને નિર્દેશ આપવાની વ્યક્ત કરેલી ઈચ્છાનો કે કે વેણુગોપાલે વિરોધ કર્યો હતો. તેમણે જણાવ્યુ હતું કે અદાલતના ઈરાદા ઉત્તમ છે પરંતુ શું અદાલતે આ પ્રકારના નિર્દેશ આપવા જોઈએ ? શું અદાલતનો નિર્દેશ જન પ્રતિનિધિત્વ ધારની જોગવાઈઓ અનો લોકશાહીમાં રાજકીય પાર્ટીઓને અપાતી સ્વતંત્રતાનું ઉલ્લંઘન નહી કરે ?

સુપ્રીમ કોર્ટે જણાવ્યુ કે ગંભીર આરોપોનો સામનો કરી રહેલા નેતાને કોઈ રાજકીય પાર્ટીએ ટીકીટ આપવી જોઈએ નહીં.તેમને અપક્ષ ઉમેદવાર તરીકે ચુંટણી લડાવાની પરવાનગી આપવી જોઈએ. આ રીતે રાજકારણમાં અપરાધનું પ્રમાણ ઘટાડી શકાય.

સરકાર તરફથી એટર્ની જનરલે સુપ્રીમના આ સુચનને ફગાવી દેતા જણાવ્યુ હતું કે આ મામલો રાજકીય પાર્ટીઓના ડહાપણ પર છોડી દેવો જોઈએ.જો સુપ્રીમ કોર્ટ આ પ્રકારનો નિર્દેશ આપવા માંગતી હોચ તો પણ આ પ્રકારની રાજકીય પાર્ટીઓની નોંધણી પર કોઈ અસર થવાની નથી. કારણકે તે માટે નવો કાયદો ઘડી કાઢવો પડે.

સુપ્રીમે કહ્યુ અમે કોઈ રાજકીય પાર્ટીનું ચુંટણી પ્રતિક છીનવી લેવા કે નોંધણી રદ કરવાની વાત કરી રહ્યા નથી.જ્યારે અત્યંત ગંભીર આરોપો ઘડાયા હોય ત્યારે શું કલંકિત નેતા સામે પગલાં ન લેવા જોઈએ ? સરકારે વધુમાં કહ્યુ કે ચુંટણી લડાનો આધિકાર ભારતના નાગરિકનો અધિકાર છે. શું અદાલત અપરાધ માટે દોષિત ઠર્યા પહેલાં જ ભારતના કોઈ નાગરિકનો આ અધિકાર છીનવી લેવા માંગે છે ?

બીજી તરફ ચુંટણી પંચે જણાવ્યુ હતું કે ભુતિયા મતદારોને નાબુદ કરવા ભાજપ સહિતની રાજકીય પાર્ટીઓએ મતદાર યાદીઓને આધાર નંબર સાથે જોડવા અપીલ કરી છે.મતદાર યાદીઓનું યોગ્ય મેનેજમેન્ટ કરવા મતદારોને આધાર નંબર સાથે સાંકળી લેવાની પાર્ટીઓ દ્વારા અપીલ કરાઈ છે.

ચુંટણી પંચ દ્વારા બોલાવાયેલી બેઠકમાં ૪૧ પાર્ટીઓએ ભાગ લીધો હતો.બેઠકમાં ૨૫ ટકા પાર્ટીઓએ માંગ મુકી હતી.ભાજપે ચુંટણી પંચને લખેલા પત્રમાં જણવ્યુ હતું કે મતદાર યાદીમાં આલ્ફાબેટીકલ ઓર્ડરમાં નામો રાખવા જોઈએ જેથી તેમા રહેલા ડ્પ્લીકેટ નામ નાબુદ કરી શકાય.

૧૯મી સદીમ ાં સાઈબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

માછલીની આંખો પર પાંપણ હોતી નથી




## વિનંતી

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


# રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાના આદેશને પહેલી વાર સરકારે કોર્ટમાં પડકાર આપ્યો

દિવસે દિવસે ભારતીય રિઝર્વ બેન્ક જે સત્યો અને આધારો રજુ કરતી જાય છે તેમજ તેમના પરિપત્રો આપીને સરકારના જુઠ અને ખોટા કામોનો પર્દાફાશ કરતી જાય છે તે સરકાર માટે પડકારજનક બાબત બની રહી છે. હવે તેની સામે કાયદાની ચુંગાલમાં ફસાવીને પોતાને હેમખેમ બહાર લઈ જવાની કેળવાયેલી સરકારની આદત જુની પુરાણી થઈ ચુકી છે.

કોગ્રેસે આરોપ મુક્યો છે કે આઝાદ ભારતના ઈતિહાસમાં પહેલીવાર કેન્દ સરકાર નાદાર થયેલી કંપનીને બચાવવા રિઝર્વ બેન્કની સામે પડી છે.કોગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે પત્રકાર પરિષદમાં જણાવ્યુ હતુંકે કેન્દ્ર સરકારે પહેલી વાર નવા ઈન્સોલ્વન્સી અને બેન્કરપ્સી કોડ કાયદા અંતગર્ત નાદાર જાહેર થઈ રહેલી જીએસપીસીને બચાવવા ભારતના ઈતિહાસમાં પહેલીવાર રિઝર્વ બેન્ક દ્વારા જારી કરાયેલા પરિપત્રાનો અદાલતમાં પડકાર આપવામાં આવ્યો છે.ભારતના ઈતિહાસમાં પહેલીવાર કોઈ કેન્દ્ર સરકાર દ્વારા રિઝર્વ બેન્કના પરિપત્રને અદાલતમાં પડાકારો તેના પાછળનું કારણ એવું પણ છે કે ગુજરાતના ભુતપુર્વ મુખ્યમંત્રીનું ગુજરાત સરકારનું આ સાહસ પાછળ મોટું કૌભાંડ રહેલું છે તેવું વિરોધ પક્ષો બહુ ગાઈ વગાડીને કહેલું પરંતુ તેને ઉજાગર કરવામાં કે તેને સાબિત કરવામાં નબળા પડયા હતા.જો કે હવે સરકાર અને રિઝર્વ બેન્ક દ્વારા અવાર નવાર અપાતાં કેટલાક તથ્યો સરકારની વિરુધ્ધમાં જઈ રહ્યા છે. જેમકે નોટબંધી,હુંડિયામણના ઉચાં ભાવો,ફુગાવો,મોઘવારી વિગેરેમાં સરકાર અને આરબીઆઈ આમને સામને આવી ગઈ છે.રિઝર્વ બેન્ક સરકારની ભુલો પોતાને માથે લેવા માંગતી નથી. ભુલ જેણે કરી હોય તે ભોગવે તેવા નિર્કષ પર રિઝર્વ બેન્ક હાલમાં કામ કરી રહી છે.

રમેશે જણાવ્યુ હતું કે હું સંપુર્ણ સભાનતા અને જવાબદારી સાથે આરોપ મુકી રહ્યો છું કે સરકારે જ પ્રાઈવેટ પાવર કંપનીઓને અલ્હાબાદ હાઈકોર્ટમાં રિઝર્વ બેન્કના પરિપત્રનો પડકાર આપવા માટે ચડવણી કરી છે.રિઝર્વ બેન્કના પરિપત્ર અનુસાર એસબીઆઈ સહિતની બેન્કોએ નાદાર જાહેર થયેલી જીએસપીસી સામે કાર્યવાહી શરુ કરી દેવી જોઈએ. સરકારનું આ પગલું સરકારના મહત્વના સંસ્થાનો પ્રત્યેનો અભિગમ દર્શાવે ચે.એ જો રિઝર્વ બેન્કના પરિપત્રનો અમલ નહીં થાય તો સરકાર મહત્વના સંસ્થાનોના અતિંમ સંસ્કાર કરી દેશે. રિઝર્વ બેન્ક તેની તમામ સ્વાયતતા ગુમાવી દેશે.

કેટલીક સંસ્થાઓ જેમના દ્વારા મોટા ભ્રષ્ટાચાર થયા છે તેમને નાદાર બનાવી તેમના અંતિમ સંસ્કાર કરી દેવાના, સાથે સાથે રિઝર્વ બેન્કની સ્વાયત્તતાના પણ અંતિમ સંસ્કાર કરી દેવાના.દેશનું અર્થતંત્ર પાયમાલ કરી દેવાની ચાલ એટલી બધી ખતરનાક છે જેનો અંદેશો જેટલો વહેલો પ્રજાજનોને આવે તે જરુરી છે.

# મહારાષ્ટ્ર પોલીસનો સામાજિક કાર્યકરો પર હિંસાની કોશીશ કરી રહ્યાનો આરોપ મુકવામાં આવ્યો છે

મહારાષ્ટ્ર પોલીસે ભીમા કોરેગાંવ કેસમાં જે પાંચ લોકોની ધરપકડ કરી છે તેની કસ્ટડી તેને સોપવાની માંગણી કરી છે.સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલા જવાબમાં પોલીસે આ લોકોને દેશમાં હિંસા અને અરાજકતા પેદા કરવાની ખતરનાક યોજનાનો હિસ્સો ગણાવ્યા છે. ૧ જાન્યુ.૨૦૧૮ના રોજ મહારાષ્ટ્રના ભીમા કોરેગાંવમાં મોટાપાયે કોમી રમખાણો થયા હતા. આ અંગેની તપાસમાં પુણે પોલીસે કહ્યુ હતું કે આ ઘટનામાં દેશમાં અસ્થિરતા ફેલાવવાના ષડયંત્રનો ભાગ હતી.પુરાવાઓના આધારે સામાજિક કાર્યકર્તાઓ ગૌતમ નવલખા,સુધા ભારદ્વાજ,વરનોન ગોન્ઝાલ્વિઝ,વરવરા રાવ અને અરુણ પરેરાની દેશના અલગ અલગ ભાગોમાંથી ધરપકડ થઈ હતી. જો કે સુપ્રીમ કોર્ટે તેમની ધરપકડ નહીં કરવાનો આદેશ આપ્યો છે. પરંતુ પોલીસ તેમનો કક્કો સાચો ઠેરવવાની ફિરાકમાં છે.

## જાણવા જેવું !

વિશ્વમાં જંગલો દ્વારા જેટલો પણ ઓક્સિજન ઉત્પન કરવામાં આવે છે તે બધામાં ૨૦ ટકા જેટલો ઓક્સિજન એમેઝોનના વરસાદી જંગલો દ્વારા પેદા કરવામાં આવે છે.

વર્લ્ડ ચેમ્પીયન ચેસ પ્લેયર ગેરી કાસ્પારોવ સૌથી નાની ઉંમરે વર્લ્ડ ચેમ્પીયન બનવાની સિધ્ધિને વરેલા છે.

દરિયાઈ મુસાફરી માટે ઉપયોગમાં લેવાતા સૌથી વિશાળ જહાજ તરીકે ૧૯૩૮માં નિર્માણ પામેલું ક્વીન એલિઝાબેથ ક્રુઝ લાઈનર હતું.

૧૮૬૮માં બ્રિટીશ રેલરોડ સિગ્નલ એન્જીનીયર જે.પી.નાઈટે ટ્રાફિક સિગ્નલની શોધ કરી હતી.

ડીઝનીલેન્ડ અને ડીઝની સ્ટુડીયોના સ્થાપક વોલ્ટ ડીઝનીએ તેમની કારકીર્દીની શરૂઆત સમાચારપત્રમાં જાહેરખબરની ડીઝાઈન કરનારી વ્યક્તિ તરીકે કરી હતી.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.